બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Basic Health Check-up (જનરલ હેલ્થ ચેકઅપ)
~~Rs. 2000/-~~ Rs. 700/-
જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
યુરિન ચેકઅપ (Urine Test)
સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
કીડની તપાસ (Kidney Test) Creatinine
લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT
કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol)
સંધિવા તપાસ (Uric Acid)
થાઈરોઈડ તપાસ (Thyroid Test) TSH
છાતીની તપાસ (Chest X-Ray)
હૃદયની તપાસ (Cardiac Test) ECG
દાંતની તપાસ (Dental Checkups)
એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ અમાસ, રવિવાર ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૭૩

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

મુંબઇના મેયરપદ માટે ખેંચતાણ: શિવસેનાના કોર્પોરેટરોને હોટલમાં ખસેડાયા

BMC ચૂંટણી બાદ મુંબઈમાં 'રિસોર્ટ પોલિટિક્સ'

મહારાષ્ટ્રમાં રિસોર્ટ રાજકારણની જૂની યાદો તાજી થઇ

આ ઘટનાક્રમે મહારાષ્ટ્રમાં, ખાસ કરીને મુંબઈમાં અગાઉના રિસોર્ટ પોલિટિક્સના કિસ્સાઓની યાદ તાજી કરી દીધી છે, જ્યાં રાજકીય અસ્થિરતાના સમયે પક્ષો વારંવાર તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પક્ષપલટાથી બચાવવા માટે લક્ઝરી હોટલ કે રિસોર્ટમાં રાખતા આવ્યા છે.૨૦૧૯ માં ચૂંટણી પછીના મડાગાંઠ દરમિયાન, શિવસેના, કોંગ્રેસ અને એનસીપીના હરીફ જૂથોએ તોડજોડના ડર વચ્ચે તેમના ધારાસભ્યોને મુંબઈની વિવિધ લક્ઝરી હોટલોમાં રાખ્યા હતા.

૨૦૨૨માં એકનાથ શિંદે પોતાના ધારાસભ્યોને સુરત લઇ આવ્યા હતા

રિસોર્ટ રાજકારણની આવી જ રણનીતિ ૨૦૨૨ માં શિવસેનાના વિભાજન દરમિયાન પણ જોવા મળી હતી, જ્યારે પક્ષ અને સરકાર પર નિયંત્રણ મેળવવા માટે પ્રતિસ્પર્ધી જૂથો વચ્ચે ચાલી રહેલી લડાઈ દરમિયાન ધારાસભ્યોને રાજ્યની બહાર સુરત લઇ જવાયા હતા ત્યાંથી બાદમાં આસામના ગુવાહાટી અને ત્યારબાદ ગોવાની હોટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

જો શિવસેનાના બંને જૂથો ભેગા થાય તો ભાજપને કદાચ વિપક્ષમાં બેસવું પડે

BMC પરિણામોમાંથી ઉભરી રહેલો સૌથી મોટો પ્રશ્ન એ છે કે, જો શિવસેના એક અખંડ પક્ષ રહ્યો હોત તો શું થયું હોત. આંકડા સૂચવે છે કે તેઓ સત્તાની લગામ સંભાળવાની ખૂબ નજીક હોત. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) એ 65 બેઠકો જીતી છે, જ્યારે નાયબ મુખ્યમંત્રી શિંદેની શિવસેનાએ 29 બેઠકો મેળવી છે. જો તેઓ સાથે હોત, તો તેમની 94 બેઠકોની સંખ્યા ભાજપની 89 બેઠકો કરતા વધી ગઈ હોત. અને જો તેઓ કોંગ્રેસ જેવા પક્ષ સાથે જોડાણ કરત, તો તેનો અર્થ બહુમતી થાત. શિવસેના (UBT) નેતા સુનિલ પ્રભુએ કહ્યું છે કે ભાજપની જીત માત્ર એટલા માટે શક્ય બની કારણ કે તેમણે શિવસેનાના ભાગલા પાડ્યા. કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા સંજય ઝાએ પણ 'X' પર એક પોસ્ટમાં આ જ સિદ્ધાંતનો પડઘો પાડતા નોંધ્યું હતું કે બંને શિવસેનાની સંયુક્ત તાકાત હજુ પણ પ્રબળ છે.તેમણે X પર પોસ્ટ કર્યું કે, જો શિવસેના એકજૂથ હોત, તો BMC ચૂંટણીમાં ભાજપની કોઈ તક નહોતી. તેમણે એવું પણ સૂચન કર્યું કે જો બંને જૂથો ખરેખર શિવસેનાનો વૈભવ પુન:સ્થાપિત કરવા માંગતા હોય, તો સમાધાન હજુ પણ ભાજપને વિપક્ષમાં બેસવા મજબૂર કરી શકે છે.

આંકડાનું ગણિત શું કહે છે?

ભાજપ અને નાયબ મુખ્યમંત્રી શિંદેની સેના પાસે મળીને 118 બેઠકો છે, જે 114 ની બહુમતી

...અનુસંધાન પાના 11 પર

ભાજપના સાથી શિવસેના(શિંદે)ના ૨૯ ચૂંટાયેલા કોર્પોરેટરોને બાંદ્રાની એક વૈભવી હોટલમાં લઇ જવામાં આવ્યા

મુંબઇમાં પોતાનો મેયર બનાવવા માટે ભાજપને હજી ૨૫ કોર્પોરેટરોના ટેકાની જરૂર છે ત્યારે શિંદેના પગલાથી અટકળોનું બજાર ગરમ

એકનાથ શિંદે અને અજીત પવાર ભાજપથી નારાજ હોવાના અહેવાલ, બંને નાયબ મુખ્યમંત્રીઓ કેબિનેટ બેઠકમાં ગેરહાજર

મુંબઈ, તા. 17: મહારાષ્ટ્રની પાલિકા ચૂંટણીઓના પરિણામો પછી અચાનક ફરી એકવાર રિસોર્ટ રાજકારણ ગરમાયું છે. બીએમસીમાં ભાજપ અને શિવસેના(શિંદે) ની મહાયુતિને મોટા વિજય પછી મુંબઈ મહાનગરના મેયરપદ માટે અંદરખાને ખેંચતાણ શરૂ થઈ હોવાના સ્પષ્ટ સંકેતોમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પોતાના પક્ષ શિવસેનાના ચૂંટાયેલા કોર્પોરેટરોને એક હોટલમાં ખસેડ્યા છે. એકનાથ શિંદેની આગેવાની હેઠળના જૂથે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીમાં 90 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જેમાંથી 29 બેઠકો પર જીત મેળવી છે. આ ચૂંટણીના પરિણામો શુક્રવારે જાહેર કરવામાં આવ્યા હતા. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, કોર્પોરેટરોને ચૂંટણીની વ્યસ્ત મોસમ પછી તાજગી અનુભવવામાં મદદ કરવા માટે બાંદ્રાની એક લક્ઝરી હોટલમાં ખસેડવામાં આવી રહ્યા છે! જો કે, આ નેતાએ કોર્પોરેટરોને લક્ઝરી હોટલમાં કેટલા સમય સુધી

...અનુસંધાન પાના 11 પર

અજિત પવાર કાકા શરદ પવારને મળ્યા

મીટિંગમાં બંને એનસીપી જૂથોના અનેક નેતાઓ હાજર રહ્યા

પુણે, તા. 17 (પીટીઆઈ): મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે શનિવારે તેમના કાકા શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. પુણે અને પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે તેમના (અજિત પવારની) એનસીપી અને એનસીપી (એસપી) ના ગઠબંધનને પરાજિત કર્યાના એક દિવસ બાદ આ મુલાકાત થઈ છે.

પુણેની ચૂંટણીમાં ભાજપે પવાર પરિવારને મોટો ઝટકો આપતાં 119 બેઠકો પર વિજય મેળવ્યો હતો. એનસીપી 27 બેઠકો સાથે બીજા ક્રમે રહી હતી, જ્યારે શરદ પવારની આગેવાની હેઠળની તેની સહયોગી પાર્ટી એનસીપી (એસપી)ને માત્ર ત્રણ બેઠકો મળી હતી. કોંગ્રેસના ફાળે 15 બેઠકો આવી હતી.

પિંપરી ચિંચવડમાં 128 સભ્યોની જનરલ બોડીમાં ભાજપે 84 બેઠકો મેળવી હતી.

અજિત પવારે કહ્યું, ''આજે એક કૃષિ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને હું તેના માટે બારામતી આવ્યો હતો. મને જાણવા મળ્યું કે (શરદ) પવાર સાહેબ પણ તેમના નિવાસસ્થાને છે. તેથી હું તેમના ઘરે ગયો અને પછી અમે બધા પ્રદર્શન માટે નીકળ્યા.''

બંને એનસીપી જૂથોના વિલીનીકરણની અટકળો વચ્ચે પવાર પરિવારમાં એકતા પર ભાર મૂકતાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું, ''અમે (પવાર પરિવાર તરીકે) સાથે છીએ.

...અનુસંધાન પાના 11 પર

ટ્રમ્પ સમક્ષ અમેરિકી સાંસદોની માગ

ભારત પાસે કઠોળ પરના ટેરિફ ઓછા કરાવો

બે સાંસદોએ પ્રમુખ ટ્રમ્પને પત્ર લખીને માગણી કરી કે ભારત સાથેના વેપાર કરારમાં કઠોળના પાક માટે સાનુકૂળ જોગવાઇઓ રખાવો

અમેરિકા ભારતમાં મોટા પ્રમાણમાં કઠોળની નિકાસ કરી છે, ભારતે તેના પર ૩૦ ટકા જેટલો ટેરિફ લાગુ કર્યો છે

કઠોળ પર ઉંચા ટેરિફ ઝિંકી ભારતે ચૂપચાપ બદલો લીધો?

ભારત સરકાર અમેરિકી કઠોળ પર ૩૦ ટકા જેટલા ઉંચા દરે ટેરિફ લાદ્યા છે. સરકાર દ્વારા આ પગલાની બહુ જાહેરાત કરવામાં આવી ન હતી અને તે મોટાભાગે લોકોના ધ્યાન બહાર રહ્યું હતું, જે ભારત-અમેરિકાના સંબંધોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતની કુશળતાપૂર્વક સંતુલન જાળવવાની નીતિ દર્શાવે છે. તેનો અર્થ એ છે કે ભારતે અમેરિકી ટેરિફનો બદલો લીધો છે. ભારતે આયાતી કઠોળ પર ટેરિફ વધારીને 30% કરી દીધા છે, જે ઓક્ટોબર 2025 થી અમલમાં આવ્યા છે, તેમ લેખક અને ભૂરાજકીય નિષ્ણાત નવરૂપ સિંહે ટ્વીટ કર્યું હતું. એક X (ટ્વિટર) વપરાશકર્તાએ કહ્યું, આપણે ચૂપચાપ વળતો પ્રહાર કર્યો છે.

ન્યૂ યોર્ક/વોશિંગ્ટન, તા. ૧૭: બે અમેરિકી સાંસદોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત સાથેના કોઈપણ ભાવિ વેપાર કરારમાં કઠોળના પાક માટે સાનુકૂળ જોગવાઈઓનો આગ્રહ રાખવા વિનંતી કરી છે. તેમણે જણાવ્યું હતું કે નવી દિલ્હી દ્વારા લાદવામાં આવેલા અન્યાયી ટેરિફને કારણે અમેરિકન ઉત્પાદકો નોંધપાત્ર સ્પર્ધાત્મક ગેરફાયદાનો સામનો કરી રહ્યા છે.

૧૬ જાન્યુઆરીના રોજ ટ્રમ્પને સંબોધિત એક પત્રમાં મોન્ટાનાના રિપબ્લિકન સેનેટર સ્ટીવ ડેન્સ અને નોર્થ ડાકોટાના કેવિન ક્રેમરે જણાવ્યું હતું કે તેમના રાજ્યો

...અનુસંધાન પાના 11 પર

ઇરાને વ્યાપારી જહાજ આંતરીને ૧૬ ભારતીયોને અટકાયતમાં લીધા

આ જહાજ ૬૦૦૦ મેટ્રિક ટન ઈંધણની દાણચોરી કરતું હોવાનો આરોપ, યુએઇ કાંઠા નજીક આંતરવામાં આવ્યું

જહાજના કર્મચારીઓને કોન્સ્યુલર એક્સેસ આપવા ઇરાન સમક્ષ ભારતની માગ

નવી દિલ્હી, તા. ૧૭: ઈરાનના સુરક્ષા દળોએ 'MT વેલિયન્ટ રોર' નામનું વ્યાપારી જહાજ અટકાવીને પોતાના કબજામાં લીધું છે અને તેના પરના ૧૬ ભારતીય કર્મચારીઓને અટકાયતમાં લીધા છે.

આ જહાજને ૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સંયુક્ત આરબ અમીરાતના કિનારા પાસે દીબ્બા પોર્ટ નજીક આંતરરાષ્ટ્રીય જળસીમામાં રોકવામાં આવ્યું હતું. ઈરાની સત્તાવાળાઓએ આ જહાજ પર અંદાજે ૬,૦૦૦ મેટ્રિક ટન ઈંધણની દાણચોરી કરવાનો આરોપ લગાવ્યો છે. જો કે, હાલમાં ક્રૂની વર્તમાન સ્થિતિ અને લોકેશન અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અટકાયતમાં લેવાયેલા લોકોમાં થર્ડ એન્જિનિયર કેતન મહેતા પણ સામેલ છે. તેમના પરિવારે જણાવ્યું હતું કે તેઓએ છેલ્લે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કેતન સાથે વાત કરી હતી, ત્યારે તેણે પોતે સુરક્ષિત હોવાની ખાતરી આપી હતી. પોતાનો ફોન ખોવાઈ ગયા બાદ કેતન તેના સાથીદાર અને ઓઈલર પોથી દિવાકર દ્વારા તેના માતા-પિતાના સંપર્કમાં હતો. પાછળથી પરિવારને દિવાકર પાસેથી જાણવા મળ્યું હતું કે કેતન સહિત ૧૦ ક્રૂ મેમ્બર્સની ઈરાની સત્તાવાળાઓ દ્વારા સત્તાવાર રીતે ધરપકડ કરવામાં આવી છે. આ જહાજ દુબઈ ખાતેની એક કંપની દ્વારા ઓપરેટ કરવામાં આવતું હતું જ્યારે તેના પર ડઝનથી વધુ કર્મચારીઓ ભારતીયો હતા.

જહાજ પર સવાર ૧૬ ભારતીય ક્રૂ મેમ્બર્સના પરિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાત્કાલિક રાજદ્વારી હસ્તક્ષેપ માટે સીધી અપીલ કરી છે. કેતનના પિતા મુકેશ મહેતાએ જણાવ્યું હતું કે પરિવારે વિદેશ મંત્રાલય અને તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિદેશ મંત્રાલયે કેતનના પાસપોર્ટની વિગતો માંગી હતી જે તાત્કાલિક પૂરી પાડવામાં આવી હતી, પરંતુ ત્યારપછી કોઈ નવી અપડેટ કે આશ્વાસન મળ્યું નથી. મીડિયા અહેવાલો મુજબ, તેહરાનમાં

...અનુસંધાન પાના 11 પર

બાંગ્લાદેશમાં પેટ્રોલ પંપ પર હિન્દુ કર્મચારીને કચડીને મારી નંખાયો

ઈંધણના નાણા ચુકવ્યા વિના ભાગી રહેલા કાર ચાલકને અટકાવવા જતાં કાર ચડાવી દેવાઇ

જો કે આ ઘટનાને હાલની હિંદુ વિરોધી હિંસા સાથે સંબંધ છે કે નહીં તે સ્પષ્ટ નથી

નવી દિલ્હી/ઢાકા, 17 જાન્યુઆરી (PTI): બાંગ્લાદેશમાં એક હિન્દુ પેટ્રોલ પંપ કર્મચારીને ત્યારે કચડીને મારી નાખવામાં આવ્યો જ્યારે તેણે નાણાં ચૂકવ્યા વિના ભાગી રહેલા એક વાહનને રોકવાનો પ્રયાસ કર્યો, તેમ પોલીસે જણાવ્યું હતું.

રાજબારી જિલ્લામાં શુક્રવારે બનેલી આ ઘટના બાંગ્લાદેશમાં હિન્દુઓને નિશાન બનાવીને તાજેતરમાં થયેલી હિંસા સાથે સંબંધિત છે કે કેમ તેની હજુ પુષ્ટિ થઈ નથી. પોલીસ અધિકારીઓને ટાંકીને 'ધ ડેઈલી સ્ટાર' અખબારે શનિવારે અહેવાલ આપ્યો હતો કે, મૃતકની ઓળખ 30 વર્ષીય રિપન સાહા તરીકે થઈ છે. ઘટના સમયે તે ગોઆલંદા મોર સ્થિત કરીમ ફિલિંગ સ્ટેશન પર કામ કરી રહ્યો હતો. ન્યૂઝ પોર્ટલ bdnews24.com દ્વારા રાજબારી સદર પોલીસ ચીફ ખોન્ડાકર ઝિયાને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે અમે હત્યાનો ગુનો દાખલ કરીશું. ઈંધણના પૈસા ચૂકવવાનો ઈન્કાર કર્યા બાદ કામદાર કારની સામે ઊભો રહી ગયો હતો, અને તેઓ તેને કચડીને ભાગી ગયા હતા. પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, શુક્રવારે સવારે 4:30 વાગ્યાની આસપાસ એક કાળી SUV ફિલિંગ સ્ટેશન પર આવી હતી અને અંદાજે 5,000 ટાકા (આશરે રૂ. 3,710)નું ઈંધણ પુરાવ્યું હતું. જ્યારે ડ્રાઈવરે પૈસા ચૂકવ્યા વિના જવાનો પ્રયાસ કર્યો ત્યારે સાહાએ વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. કારે તેને કચડી નાખ્યો અને ઝડપથી ભાગી ગઈ, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે બાદમાં વાહન જપ્ત કર્યું હતું અને તેના માલિક અબુલ હાશેમ ઉર્ફે સુજન (55) અને તેના ડ્રાઈવર કમલ હુસૈન (43) ની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હાશેમ રાજબારી જિલ્લા બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના ભૂતપૂર્વ ખજાનચી અને જિલ્લા યુવા દળના ભૂતપૂર્વ પ્રમુખ છે, અને તે વ્યવસાયે કોન્ટ્રાક્ટર છે.

કોંગી ધારાસભ્યએ બળાત્કારની ઘટનાઓને જ્ઞાતિ અને સુંદરતા સાથે જોડી, મચ્યો હોબાળો

પુણ્ય મળવાની આશાએ સવર્ણો પછાત વર્ગની કદરૂપી મહિલા પર પણ બળાત્કાર કરે છે!

કોંગ્રેસે મધ્યપ્રદેશના આ ધારાસભ્યની વાત સાથે અસંમતિ દર્શાવી, ભાજપે માગણી કરી કે તેમને હાંકી કાઢો

ભારે ઉહાપોહ મચતા ધારાસભ્યએ કહ્યું કે પોતે એક ફિલોસોફરનું નિવેદન ટાંક્યું હતું, જેની સાથે પોતે સંમત નથી

ભોપાલ, તા. 17: મધ્ય પ્રદેશના ભાન્ડેરના કોંગ્રેસના ધારાસભ્ય ફૂલ સિંહ બારૈયાએ એક મોટો વિવાદ છેડ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે, ભારતમાં મોટા ભાગના બળાત્કારનો ભોગ અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની મહિલાઓ બને છે.

બારૈયાએ પોતાના નિવેદન પાછળની 'રેપ થીયરી' સમજાવતાં કહ્યું કે, જો કોઈ વ્યક્તિ મુસાફરી દરમિયાન અત્યંત સુંદર સ્ત્રી ને જુએ છે તો તેનું મન વિચલિત થઈ શકે છે, જેના કારણે બળાત્કારની ઘટના બને છે. અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને પછાત વર્ગોનો ઉલ્લેખ કરતાં ધારાસભ્યએ સૂચવ્યું હતું કે, આ સમુદાયોની મહિલાઓને તેમના પ્રાચીન ગ્રંથોમાં રહેલી વિકૃત માન્યતા પ્રણાલીને કારણે નિશાન બનાવવામાં આવે છે. બારૈયાએ એવો પણ દાવો કર્યો હતો કે, ગુનેગારો માને છે કે ચોક્કસ જાતિની મહિલાઓ વિરુદ્ધ જાતીય હિંસા કરવાથી તેમને તીર્થયાત્રા સમાન આધ્યાત્મિક પુણ્ય મળશે.

ભાન્ડેરના ધારાસભ્યએ કહ્યું, ''ભારતમાં બળાત્કારનો ભોગ કોણ બને છે? મોટા ભાગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી સમુદાયની મહિલાઓ. બળાત્કારની થીયરી એ છે કે જો કોઈ માણસ, પછી તેની માનસિક હાલત ગમે તેવી હોય, રસ્તા પર જતો હોય અને કોઈ સુંદર છોકરીને જુએ, તો તે વિચલિત થઈ શકે છે અને મહિલા પર બળાત્કાર કરી શકે છે.'' બારૈયાએ વધુમાં આઘાતજનક નિવેદન આપતાં કહ્યું કે પછાત સમુદાયની મહિલાઓ સુંદર પણ હોતી નથી, તેમ છતાં તેમના પર બળાત્કાર થાય છે. કારણ કે, ગુનેગારો માને છે કે, શાસ્ત્રોમાં આવું લખેલું છે! જો કે ભારે ઉહાપોહ મચ્યા પછી

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૭-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૨° સે.	૧૫.૪° સે.	૩૨%